# Bhakta Kavi Narsinh Mehta University

Govt. Polytechnic Campus, Bilkha Road, Khadiya
Junagadh-362 263
Ph.(0)0285-2681400 / Fax : 0285-2681503


**પરિપત્ર :**

**વિષય : પરીક્ષા સુચારૂ સંચાલન કરવા બાબત**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સર્વ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે પરીક્ષા સંબધી મીટીગ તા. ૧૬–૦૩–૨૦૧૮ને શુક્રવારના રોજ બપોરે–૧–૦૦ કલાકે કોન્ફરન્સહોલ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી – બિલખા રોડ, ખડિયા, મુકામે મળેલ તેમાં થયેલ ચર્ચા મુજબ આગામી લેવાનાર પરીક્ષાઓ માટે નીચે પ્રમાણેની સુચનાઓનું પાલન કરવાનું થાય છે.

**સુચનાઓ :**

(૧) કોલેજનાં આચાર્યશ્રી દ્વારા જ પ્રશ્ન પત્ર સ્વીકારવામાં આવે અથવા અન્ય અધ્યાપક / કર્મચારીને ઓથોરીટી લેટર આપવો.
(૨) પરીક્ષા શરૂ થતા પહેલા પ્રશ્ન પત્રના બંડલ તથા સંખ્યા ચેક કરીને વધ–ઘટ માટે પરીક્ષા વિભાગને જાણ કરવી.
(૩) સમયસર વિદ્યાર્થી ને રૂમમાં પ્રવેશ આપવો.
(૪) દરેક વિદ્યાર્થી પાસે આઈ–કાર્ડ હોવા જોઈએ.
(૫) મોબાઈલ,/મેસેન્જર, ઈન્સ્ટ્રુમેન્ટ, બેગ વગેરે પરીક્ષા કેન્દ્રમાં લાવવા નહી જો લાવશે તો તે અંગેની જવાબદારી જે તે વિદ્યાર્થીની રહેશે.
(૬) બ્લોકમાં પ્રવેશ મેળવતા દરેક વિદ્યાર્થીને ચકાસવાં.
(૭) પરીક્ષા દરમ્યાન બંદોબસ્ત માંગી લેવો તથા પોલીસ સ્ટેશનના અધિકારીનાં સંપર્કમાં રહેવું.
(૮) સ્કોડનાં સભ્યોને સહકાર આપવો જો કોપીકેસ થાય તો જરૂરી કાગળ કોલેજ દ્વારા જ કરવાના છે – અને કોપીકેસની ઉતરવહી પરીક્ષા વિભાગમાં અલગથી જમા કરવી.
(૯) પરીક્ષા બ્લોકની અંદરજ પીવાના પાણીની વ્યવસ્થા કરવી.
(૧૦) કોલેજ બીલ્ડીગનાં મુખ્ય દરવાજા પાસે સીકયોરીટી ગાર્ડને બેસાડવો.
(૧૧) આચાર્યશ્રી/સ્થળ સમીક્ષક પરીક્ષા દરમ્યાન હાજર રહે તે જરૂરી છે.
(૧૨) C.C.T.V. કેમેરા ફરજીયાત ચાલુ જ રાખવા અને જરૂર જણાય તો બેટરીનો ઉપયોગ પણ કરવો. પાવર સપ્લાય ડિસ્ટર્બ ન થાય તે માટે કોલેજ દ્વારા અગાઉથી કાળજી લેવી.
(૧૩) પરીક્ષાનું એસેસમેન્ટ શરૂ થાય એટલે તરતજ કોલેજનાં પ્રોફસરોને મધ્યસ્થ મુલ્યાંકન માટે મોકલવા, બ્લોક સુપરવાઈઝર તરીકે અન્ય વ્યવસ્થા કરવી.
(૧૪) પરીક્ષા દરમ્યાન વર્ગખંડમા અનઅધિકૃત વ્યકિત ન પ્રવેશે તેની પુરેપુરી કાળજી રાખવી.
(૧૫) પરીક્ષા કામગીરીમાં રોકાયેલ કોલેજનાં તમામ સ્ટાફ પાસે પોતાનું ઓળખકાર્ડ/ ઓર્ડર સાથે રાખવાનું રહેશે.
(૧૬) સ્કોડનાં તમામ સભ્યશ્રીઓએ પોતાનું ઓળખકાર્ડ/ઓર્ડર સાથે રાખવો.
(૧૭) જયારે વિદ્યાર્થીને વિષયના બારકોડ સ્ટીકર્સ ન મળે ત્યારે ઈમરજન્સી બારકોડ સ્ટીકર્સનો ઉપયોગ કરવો. ઈમરજન્સી બારકોડ સ્ટીકર્સમાં વિદ્યાર્થી નો સાચો સીટ નંબર વિષય વગેરે સ્પષ્ટ લખવું.
(૧૮) પરીક્ષા માટે મુખ્ય કે પુરક ઉતરવહી ઘટે તેમ લાગે, તો સત્વરે બે દિવસ અગાઉ રીસીવીગ–ડીસ્પેર્શીગ સેન્ટર તેમજ રૂટ સુપરવાઈઝરને જાણ કરવાની રહેશે, જેથી ઘટતી ઉતરવહીઓ સત્વરે મોકલી શકાય.

(૧૯) પરીક્ષા સમયે કોલેજનાં સ્ટેશનરી  સુપરવાઈઝર, તમામ ઉતરવહીઓ ચકાસીને બ્લોક સુપરવાઈઝરને આપવી, ખામીવાળી ઉતરવહીઓ  જે કોઈ હોય તો તેને અલગ રાખવી અને પરત યુનિવર્સિટીને મોકલવી અન્યથા સંપુર્ણ જવાબદારી આચાર્યશ્રીને રહેશે.
(૨૦) પરીક્ષા ખંડમાં  વિદ્યાર્થીની સંખ્યા પ્રમાણે ઉતરવહી આપવી અને બ્લોક સુપરવાઈઝરે ગેરહાજર રહેલ વિદ્યાર્થીઓની ઉતરવહીઓમાં સહી ન કરવા, સુચના આપવી.
(૨૧) પરીક્ષા પુર્ણ થયે બચત રહેલ ઉતરવહી તથા વપરાયેલ ઉતરવહીઓનાં હિસાબ અને બચત રહેલ ઉતરવહી દિવસ–૭ માં યુનિવર્સિટીને પરત મોકલી આપવાની રહેશે અને તેની સંપુર્ણ જવાબદારી આચાર્યશ્રીની રહેશે.
(૨૨) અગાઉની પરીક્ષાની વણ–વપરાયેલ ઉતરવહીનો ઉપયોગ કરવો નહી અને દિવસ–૭ માં યુનિવર્સિટીને પરત મોકલી આપવી.
(૨૩) યુનિવર્સિટી તરફથી મોકલવામાં આવેલ ઉતરવહી કે પુરક ઉતરવહીમાં કોલેજ સિકકા મારવા નહી. વણ– વપરાયેલ ખાખી સ્ટીકર પરત આપવાના રહેશે.
(૨૪) કોલેજની મુલાકાતે યુનિવર્સિટીની ટીમ આવે ત્યારે, નિયત સમય–મર્યાદા બાદ વણ–વપરાયેલ ઉતરવહી જોવા મળશે, તો તેની સંપુર્ણ જવાબદારી પ્રિન્સીપાલની રહેશે.
(૨૫) અગાઉની વણ–વપરાયેલ ઉતરવહીઓ કોલેજમાં નથી, તે અંગેનું પ્રમાણપત્ર, ઉતરવહીઓના હિસાબ સાથે, દિવસ–૭માં મોકલવું.

ઉપર્યુકત તમામ મુદાઓનું  ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. અન્યથા જે પરિસ્થિતિ ઉભી થશે તેની તમામ જવાબદારી  કોલેજનાં આચાર્યશ્રી તેમજ કોલેજનાં સંચાલકશ્રીની રહેશે જેની નોંધ લેશો.

પરીક્ષા નિયામક

જા.નં./પરીક્ષા/૭૪૬૮/૨૦૧૮
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
સરકારી પોલીટેકનીક કેમ્પસ,બિલખા રોડ,ખડિયા,જૂનાગઢ.
તા.૧૭/૦૩/૨૦૧૮

**નકલ સાદર રવાનાઃ–**
(૧)માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત મદદનિશ

**નકલ રવાના જણ તથા યોગ્ય કાર્યવાહી અર્થેઃ–**
(૧) પરીક્ષા વિભાગ
(૨) આઈ.ટી.સેલ (વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે)